## Notification

*Regarding*

**THE ASSISTANT LIBRARIAN, CLASS-III, IN THE SUBORDINATE SERVICE OF THE DIRECTOR OF LIBRARIES, RECRUITMENT RULES, 2011.**

ગ્રંથાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ ગ્રંથપાલ,

વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૧ સંબંધી જાહેરનામું

રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૨૦૧૧.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક : જીવાયસી/૧૦/૨૦૧૧/જીટીએલ/૨૦૦૮/૧૯૫૩/એફ.–** ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગ્રંથાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, **મદદનીશ ગ્રંથપાલ, વર્ગ-૩** ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગ્રંથાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, **મદદનીશ ગ્રંથપાલ, વર્ગ-૩**, ભરતી નિયમો, ૨૦૧૧ કહેવાશે.

૨. ગ્રંથાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં **મદદનીશ ગ્રંથપાલ, વર્ગ-૩** ની જગા ઉપર નિમણૂક,-

(ક) (૧) ગ્રંથાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, ગ્રંથાલય કારકુન, વર્ગ-૩ ના સંવર્ગમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) સરકારે ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૧ ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ-૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા શૈક્ષણિક સંસ્થા પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે માન્ય થયેલી અથવા તે તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ

શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થા પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે માન્ય થયેલી અથવા તે તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન (Information Science)ની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી હોવી જોઇશે.

(ઘ) (૧) સરકારમાં ગ્રંથાલય કારકુન, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જા ન હોય તેવી જગા પરનો; અથવા

(૨) સરકારમાં ગ્રંથાલય કારકુન, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય પણ તેને સમકક્ષ હોય તેવી, સરકારે તે તરીકે માન્ય કરેલી જગા પરનો; સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા સ્થાનિક સત્તામંડળોમાં, અથવા

(૩) સરકારમાં ગ્રંથાલય કારકુન, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય પણ તેને સમકક્ષ હોય તેવી, સરકારે તે તરીકે માન્ય કરેલી જગા પરનો રજિસ્ટર થયેલા ટ્રસ્ટ અથવા જાહેર ક્ષેત્ર અથવા ખાનગી ક્ષેત્રની સંસ્થામાંના ગ્રંથાલયોનો એક વર્ષનો અનુભવ હોવો જોઇશે.

(ચ) ગુજરાતી અને હિન્દી અથવા બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશેઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા પણ હળવી કરી શકાશે.

૫. સીધી પસંદગીથી નિમણૂત પામેલા ઉમેદવારે એક વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા ઉતીર્ણ કરવી જોઇશે.

૭. પસંદ થયેલા ઉમેદવારે, સરકારે તે અર્થે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા ઉતીર્ણ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા ઉતીર્ણ કરવી જોઇશે.

૯. પસંદ થયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પી. બી. વાઘેલા,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.